# ઉત્તરપ્રદેશની કંપનીનું બાઈક ટેક્ષીમાં રોકાણના નામે રૂા.૧૫,૦૦૦ કરોડનું જંગી કૌભાંડ પકડાયું

## રોકાણકારોને ૧,૩,૫, કે પછી ૭ બાઈકના રોકાણ પર જંગી રીટર્નની લાલચ આપી ફસાવ્યાં

**નવીદિલ્હી,**
ઉત્તરપ્રદેશની કંપની બાઈક બોટ દ્વારા કરાયેલા રૂા.૧૫૦૦૦ કરોડના જંગી કૌભાંડમાં કેસમાં સીબીઆઈ એ કેસ કર્યો છે. સીબીઆઈ દ્વારા આ મામલામાં કંપનીના ચીફ મેનેજીગ ડાયરેકટર સંજય ભાટી અને અન્ય ૧૪ લોકો વિરૂધ્ધ કેસ દાખલ કરાયો છે. આ તમામ લોકો પર આરોપ છે. કે તેમણે દેશભરમાં લાખો લોકો સાથે છેતરપિડી કરી છે. આ કંપનીના નામ પર લોકોને બાઈક ટેક્ષીમાં રોકાણની ઓફર આપવામાં આવી હતી. આ હેઠળ રૂા.૧૫૦૦૦ કરોડની ઠગાઈ કરી અને પછી પૈસા ચાઉં કરી લીધા હતા. આ ગોટાળો ડાયમંડ મર્ચન્ટ નીરવ મોદી અને મેહુલ ચોકસીના ફ્રોડથી પણ મોટો માનવામાં આવી રહયો છે. સીબીઆઈની એફઆઈઆર અનુસાર આ કેસ ર લાખ લોકો સાથે ઠગાઈ અંગેનો છે.

સંજય ભાટીએ ગર્વિત ઈનોવેટીવ પ્રમોટર્સ લીમીટેડ નામથી કંપની બનાવી હતી. ત્યારબાદ બાઈક બોટ નામની સ્કીમની શરૂઆત કરી હતી. આ હેઠળ સંજય ભાટી અને તેમના સાથીઓને રોકાણકારોને ૧,૩,૫ કે પછી ૭ બાઈકના રોકાણ બાદ આકર્ષક રીટર્ન ઓફર આપી હતી. રોકાણકારોને એવું કહેવામાં આવ્યું હતું કે બાઈક ટેક્ષી સ્કીમ છે અને એમાં પૈસા રોકયા બાદ લોકોને મોટું રીટર્ન મળશે. જોકે, આવું કશુંય થયું નહી અને હજારો કરોડની ઠગાઈ કર્યા બાદ સંજય ભાટી અને તેના સાથીઓ ગાયબ થઈ ગયા હતા. એવી પણ માહિતી છે કે મુખ્ય આરોપી સંજય ભાટી હાલ દેશમાં નથી.

આ છેતરપિંડીની સ્કીમ હેઠળ લોકોને એવી ઓફર આપવામાં આવી હતી કે બાઈકની ખરીદી માટે જે રોકાણ કરશે, તેના બદલામાં તેમને દર મહિને મોટું રીટર્ન મળશે. આ સિવાય સ્કિમમાં અન્ય લોકોને જોડવા પર ઈન્સેટીવ આપવાની વાત કરાઈ હતી. આ ઉપરાંત કંપનીએ દેશના કેટલાક શહેરોમાં પોતાની ફ્રેન્ચાઈજી શરૂ કરવાની વાત પણ કહી હતી. જોકે, આ સ્કીમ વાસ્તવીક રીતે અમલી થઈ શકી નહી અને લોકો સાથે છેતરપિંડી ચાલુ રાખી હતી. આ સ્કીમનો કંપનીએ ૨૦૧૭માં લોન્ચ કરી હતી. અને ૨૦૧૯ના આરંભમાં દિવસો સુધી ઘોટાળો ચાલું રહયો હતો. આ દરમ્યાન દેશભરથી લાખો લોકોએ કંપનીમાં લગભગ રૂ.૧૫૦૦૦ કરોડ સુધીનું રોકાણ કર્યું હતું.સીબીઆઈ પહેલા એ કેસમાં ઈડીએ તપાસ કરી હતી અને કંપનીના પ્રમોટરોની રૂા.૨૧૬ કરોડની સંપત્તિ જપ્ત કરી હતી.

# વોટ્સએપે એક મહિનામાં ૨૨ લાખ એકાઉન્ટ બેન કર્યા

## ગેરકાનૂની, અશ્લીલ, ધમકીભર્યા મેસેજ મુકનારા સામે કાર્યવાહી

**નવીદિલ્હી,**
વોટ્સએપે દેશમાં સપ્ટેમ્બર મહિનામાં આશરે ૨૨,૦૯ લાખ એકાઉન્ટ પ્રતિબાંધીત કર્યા છે. વોટ્સએપે તેને માસિક પારદર્શકતા અહેવાલમાં આ અંગેની માહિતી આપતાં જણાવ્યું હતું કે કંપનીના નિયમોનું પાલન ન કરવા બદલ આ તમામ એકાઉન્ટ પર કાર્યવાહી કરવામાં આવી છે. પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેવા યુઝર્સ સામે બીજા યુઝર્સે પણ ફરીયાદ કરી હતી.

કંપનીએ તેના રીપોર્ટમાં જણાવ્યું હતું કે જે વોટસએપ યુઝર્સ સામે ફરીયાદ મળી હતી તે એકાઉન્ટના દુરુપયોગને રોકવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ રીપોર્ટમાં ૧ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી કરવામાં આવેલી કાર્યવાહી ના ડેટા જાહેર કરવામાં આવ્યા હતા. વોટ્સએપે જણાવ્યું હતું કે સપ્ટેમ્બરમાં ૩૦૯ એકાઉન્ટ પર પ્રતિબંધ મુકવાની અપીલ કરવામાં આવી હતી. આમાંથી ભારત સ્થિત કંપનીના ફરીયાદ નિવારણ અધિકારીએ ૫૦ એકાઉન્ટ સામે પગલાં લીધા હતા. આ સમયગાળામાં ૫૬૦ યુઝર્સ કવેરી કાઢવામાં આવી હતી. આમાંથી ૩૦૯ પ્રતિબંધ મુકવાની કવેરી હતી. ૧૨૧ કવેરી એકાઉન્ટ સપોર્ટમાં હતી. અને ૪૯ રીપોર્ટ પ્રોડકટસ અને બીજા સપોર્ટ માટેના હતા. આ ઉપરાંત સેફટી અંગે પણ ૩૨ રીપોર્ટ વોટ્સએપને મળ્યા હતા.

# ગીતામંદીરથી આંગડીયાનો થેલો ચોરનાર શખ્શને ક્રાઈમબ્રાંચે ઝડપી લીધો

## ક્રાઈમબ્રાંચે ૧૦૦ કરતાં વધુ સીસીટીવી તપાસ્યા : બાતમીદારોએ ચોરને ઓળખી લીધો : ૮ લાખના દાગીના રીક્વર

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
શહેરના ખુબ જ વ્યસ્ત એવા ગીતા મંદીર એસ.ટી બસ સ્ટેન્ડમાંથી અઠવાડીયા અગાઉ ૧૮.૪૨ લાખથી વધુના દાગીના ભરેલો થેલો ચોરી એક શખ્શ પલાયન થઈ ગયો હતો જે અંગે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ ઘટનાની તપાસ કરતા શહેર ક્રાઈમબ્રાંચની ટીમે બેગ ચોરનાર શખ્શને ઝડપી લઈ રૂપિયા આઠ લાખના દાગીના રીકવર કરી લીધા છે. આ અંગેની વિગત એવી છે કે ગયા બુધવારે એસ.ટી બસ સ્ટેન્ડ, ગીતામંદીર ખાતેથી ૧૮.૪૨ લાખ રૂપિયાના સોના તથા ચાંદીના દાગીના ભરેલા થેલા સાથે એક વ્યિક્ત બસમાં બેઠા હતા જેની નજર ચુકવી ગઠીયો થેલો લઈ પલાયન થઈ ગયો હતો. આ ઘટનાની તપાસ ક્રાઈમબ્રાંચના પીઆઈ દેસાઈ પણ ચલાવી રહયા હતા ત્યારે તેમની ટીમને એક શખ્શની માહીતી મળી હતી જેને નરોડા બેઠક ત્રણ રસ્તા ખાતેથી ઝડપી લેવાયો હતો તપાસમાં તેનું નામ પરસોત્તમ ઉર્ફે પચીયો ઉર્ફે પચુ સોલંકી (વિમલનાથ એપાર્ટમેન્ટ નરોડા) હોવાનું બહાર આવ્યું છે પોલીસ પુછપરછમાં પરસોત્તમ પોતાના મિત્ર અશ્વિન છારા સાથે એસ.ટી. બસ સ્ટેન્ડે બેગ લિફટીંગ કરવા ગયા હતા દરમિયાન અશ્વિને બસમાં બેઠેલા પેસેન્જરની નજર ચુકવીને થેલો ચોરી બારીમાંથી પરસોત્તમને આપી દીધો હતો જે લઈને તે બંને રીક્ષામાં બેસી ઘરે જવા નીકળ્યા હતા.

**બગાસું ખાતાં પતાસું મળ્યું**

બેગ લિફટીંગ માટે નીકળેલા પરસોત્તમ અને અશ્વિને રીક્ષામાં બેસીને થેલો તપાસતા તેમાંથી સોના ચાંદીના દાગીના મળતા બંને ચોંકી ગયા હતા અને કુબેનગર જઈ અશ્વિને વધુ દાગીના હોવાથી હાલ ન વેચવાનું નકકી કરીને થેલો પોતાની પાસે રાખી લીધો હતો.

**ભાગલા પાડ્યા અને પોલીસે ઝડપી લીધો**–અશ્વિને થોડાં દિવસ બાદ ભાગ પાડીશું તેમ કહીને થોડા દિવસ જવા દિધા હતા. બાદમાં અશ્વિને તેના ઘરે બોલાવીને પરસોત્તમને અડધા દાગીના આપી દીધા હતા જે લઈને પરસોત્તમ ઘરે આવી ગયો હતો એ જ દિવસે પોલીસે ઝડપી લીધો હતો.

**ક્રાઈમબ્રાંચે ૧૦૦ કરતાં વધુ સીસીટીવી તપાસ્યા**

આ અંગે પીઆઈ દેસાઈએ જણાવ્યું હતું કે ઘટનાના સીસીટીવી ફુટેજ મળ્યા બાદ આરોપીના આગળના ટ્રેકના ૧૦૦ કરતા વધારે સીસીટીવી કેમેરાના ફુટેજ તપાસ્યા હતા દરમિયાન પરસોત્તમનો ચહેરો કલીયર મળી આવતા બાતમીદારોને સક્રીય કર્યા હતા જેમાં પરસોત્તમ ઓળખાયો હતો. ક્રાઈમબ્રાંચે પરસોત્તમની વધુ પુછપરછ હાથ ધરી છે બીજી તરફ બાકીના દાગીના લઈને ફરાર થયેલા અશ્વિન છારાને પણ ઝડપી લેવા કાર્યવાહી શરૂ કરી છે.

# શિવસેના ઉમેદવાર, પૂર્વ સાંસદ મોહન ડેલકરના પતી કલાબેન ડેલકર ૫૧ હજાર મતો થી વિજેતા બન્યા


(તસ્વીર: અશોક જોષી)

**સિલ્વાસા,**
ભાજપ ઉમેદવાર મહેશ ગામીતની કારમી હાર : દાનહ માં પ્રથમવાર મહિલા સાંસદ ૫૧ હજાર મતોની લીડથી વિજેતા બન્યા દાનહ લોકસભાની પેટા ચૂંટણીમાં શિવ સેના ઉમ્મેદવાર કલાબેન ડેલકરની ઐતિહાસિક જીત થઈ છે. કલાબેન ડેલકરે ૫૧ હજાર મતો ના લીડ થી વિજેતા બનયા છે. મોહન ડેલકરે પોતાના શરૂઆતી દૌરમાં આટલી મોટી લીડથી વિજેતા બનતા હતાં. કલાબેન ડેલકરે શરૂઆતી રાઉડથી જ બઢ઼ તે બનાવી હતી.જેમ-જેમ કાઉટિંગ રાઉંડ આગળ વધતાં તેમ-તેમ કલાબેનની લીડ પણ હજારો મતોની સરસાઈથી આગળ વધતી જતી રહી. ૧૫ માં રાઉડ બાદ લોકોએ માની લીધો કે કલાબેન જીતી જશે. મતગણતરીની નિરાશાજનકપરિણામો આવવાની સાથે ઘણાં ભાજપ ના કાર્યકર્તાઓ ત્યાંથી ચાલતા પકડી મહેશ ગાવિત અંત સુધી મતગણનાં સ્થળે રહ્યા હતા. મતગણતરી બાદ મહેશ ગાવિતે મીડિયા સાથે ચર્ચામાં જનાદેશને સ્વીકારી કલાબેન ડેલકરને જીતની શુભેચ્છા પાઠવી હતી. કલાબેન ડેલકરે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું કે દાનહની જનતા નો આભાર માન્યો હતો. દાનહનાં લોકો પોતાનો મત ની તાકતુ થી તાનાશાહને જવાબ આપ્યો છે. હવે મોહનભાઈની ઈંસાફની લડાઈ આગળ ધપાવીશું. ત્યારે મત ગણતરીમાં શિવસેના ઉમેદવાર કલાબેન ડેલકર ને ૧,૧૭,૨૭૯ મતોઅને ભાજપ ઉમેદવાર મહેશ ગામીત ને ૬૬, ૨૭૦ મતો મળતા, કલાબેન ડેલકર ૫૧૦૦૯ મતો ના લીડ થી વિજેતા બન્યા હતા. જયારે ભાજપ ઉમેદવાર મહેશ ગામીત ની કારમી હાર થઈ હતી. દાનહ માં પ્રથમવાર મહિલા સાંસદ ૫૧ હજાર મતો ની લીડ થી વિજેતા બન્યા છે.

# કે.બી.એસ. એન્ડ નટરાજ કોલેજ જુડો – વિમેન્સ ટુર્નામેન્ટ માં ઝળકી




**વાપી,**
અત્રે ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમેરીયા કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયંસીસ કોલેજ વાપીના વિધાર્થીઓને શિક્ષણની સાથે રમતમાં આગળ વધી શકે તે માટે વિવિધ રમતોમાં ખુબ જ સારી તાલીમ પણ આપવામાં આવે છે . વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત અંતર્ગત જે . પી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ , ભરૂચ ખાતે ઈન્ટર કોલેજ " જુડો – વિમેન્સ × ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું . આ ટુર્નામેન્ટ માં કોલેજના પ્લેયરોએ ભાગ લીધો હતો જેમાં કે.બી.એસ. કોલેજની વિધાર્થીનીઓ ( ૧ ) સિંધ અશોકાકુંવર ( બ્રોન્ઝ મેડલ ) , ( ૨ ) માંગે દર્શના ( બ્રોન્ઝ મેડલ ) , ( ૩ ) નજીબ મારીયા ( બ્રોન્ઝ મેડલ ) તેમજ ( ૪ ) સંધવિ પાયલ ( બ્રોન્ઝ મેડલ ) હાંસલ કરીને સમગ્ર યુનિ.માં કોલેજનું નામ રોશન કર્યું છે . આ રમતની સમગ્ર તાલીમ તેમજ માર્ગદર્શન શારીરિક શિક્ષણના મદદનીશ પ્રાધ્યાપક ડો . મયુર પટેલે પુરુ પાડયુ હતું . આમ કોલેજનું નામ યુનિવર્સિટીમાં રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડો . પૂનમ બી . ચૌહાણે વિજેતા પ્લેયરોનો તથા ડો . મયુર પટેલનો આભાર વ્યક્ત કરી ભવિષ્યમાં પણ કોલેજનું નામ રોશન કરવા અને જીવનમાં ઉજ્વળ ભવિષ્ય બનાવી શકે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# વાનખેડે દ્વારા પ્રાઈવેટ આર્મી બનાવીને હજારો કરોડની ખંડણીનો ખેલ ખેલાયો : નવાબ મલિક

## વાનખેડે ૧૦ કરોડનાં કપડાં અને ૫૦ લાખની ઘડિયાળ પહેરે છે : મલિકના ૧૦ મોટા આક્ષેપો

**મુંબઈ,**
મહારાષ્ટ્રમાં ક્રૂઝ ડ્રગ્સ કેસથી શરૂ થયેલી લડાઈ હવે સંપૂર્ણપણે રાજકીય બની ગઈ છે. રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને તેમનાં પત્ની દ્વારા લગાવવવામાં આવેલા આરોપો સામે મહારાષ્ટ્રના પ્રધાન નવાબ મલિકે હવે જોરદાર વળતા પ્રહારો કર્યા છે.

ફડણવીસે નવાબ મલિકની અંડરવર્લ્ડ સાથે સાંઠગાંઠ હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો જેના પર મલિકે જણાવ્યું છે કે મારી સામે આંગળી ચીંધવાની કોઈનામાં હિંમત નથી. આ ઉપરાંત નવાબ મલિકે એનસીબીના ઝોનલ ડાયરેક્ટર સમીર વાનખેડે પર ચોંકાવનારા નવા આક્ષેપો કરતાં જણાવ્યું છે કે સમીર વાનખેડેએ પ્રાઈવેટ આર્મી બનાવીને આ સમગ્ર રેકેટમાં હજારો કરોડની ખંડણીનો ખેલ ચલાવ્યો છે.

નવાબ મલિકે ફડણવીસને પડકાર ફેંકતા જણાવ્યું હતું કે તેઓ દિવાળી બાદ નહીં પરંતુ અત્યારે જ મારી સામે ખુલાસા કરે. નવાબ મલિકના જમાઈના ઘરેથી ગાંજો મળી આવ્યો હતો એવા ફણડવીસના આક્ષેપ સામે મલિકે ખુલાસો કર્યો છેકે મારા જમાઈને ત્યાંથી કોઈ વાંધાજનક વસ્તુ મળી નથી અને મારી પાસે તેનું પંચનામું પણ છે.

નવાબ મલિકે સમીર વાનખેડે સામે ૧૦ મોટા આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે વાનખેડે રૂા. ૧૦ કરોડનાં મોંઘા કપડાં પહેરે છે. તેમના શર્ટની કિંમત રૂા.ક ૭૦ હજાર છે અને ૫૦ લાખની ઘડિયાળ પહેરે છે. તેઓ રોજ નવાં કપડાં પહેરે છે તેમનાં કપડાની કિંમત વડા પ્રધાન મોદીનાં કપડાં કરતાં પણ વધુ છે. વાનખેડે ૨.૫૦ લાખરૂપિયાની કિંમતના જૂતાં પહેરે છે. સમીર વાનખેડેનાં પેન્ટની કિંમત રૂા. એક ાખ હોય છે. સમીર વાનખેડે રીતસર ખંડણી ઉઘરાવતા હતા એ આક્ષેપને હું આજે પણ વળગી રહ્યું છું અને તેની તપાસ થવી જોઈએ.

મલિકે વધુમાં જણાવ્યું હતું કે, ડ્રગ્સનો ખુલ્લો ખેલ રાજકીય સંરક્ષણ વગર ચાલી જ શકે નહીં. તેમણે એવું પણ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના પૂર્વ ગૃહપ્રધાન અનિલ દેશમુખને ફસાવવામાં આવ્યા છે. જ્યારે આરોપ મૂકનાર વ્યક્તિ ફરાર છે. ભાજપને તેનો જવાબ આપવો પડશે. આ સંપૂર્ણ કાર્યવછાહી રાજનીતિ પ્રેરિત છે. તપાસમાં સહકાર આપનારની ધરપકડ કરવામાં આવે છે. પરંતુ મારો સવાલ એ છે કે પરમવીરસિંહને કેમ ભગાડી દેવામાં આવ્યો? તેનો જવાબ પણ ભાજપે આપવો પડશે. નેપાળ જવા માટે યુપી, બિહાર અને ઉત્તરાખંડના રસ્તા છે અને આ ત્રણેય રાજ્યોમાં ભાજપની સરકાર છે.

મલિકે જણાવ્યું હતું કે મારે અંડરવર્લ્ડ સાથે કોઈ સંબંધ નથી. હું ૬૨વર્ષથી મુંબઈમાં રહું છુ અને કોઈનામાં એવોદમ નથી કે જે મારા પર આરોપ લગાવે કે મારૂં અંડરવર્લ્ડ સાથે કનેક્શન છે. જો મારે અંડરવર્લ્ડ સાથે કોઈ કનેક્શન હોય તો તમે પાંચ વર્ષ ત્તામાં રહ્યાં અને ગૃહ વિભાગ તમારી પાસે જ હતો, તેમ છતાં ત્યારે કેમ મારી સામે કોઈ કાર્યવાહી ના કરી? મલિકે ફડણવીસને નિશાન બનાવતાં જણાવ્યું હતું કે દેવેન્દ્ર ફડણવીસ સીએમ હતા ત્યારે ફોર સિઝન હોટલમાં ૧૫ કરોડ રૂપિયાની પાર્ટીઓ કરવામા આવી હતી. આ હોટલમા એક-એક ટેબલની કિંમત રૂા. ૧૫ લાખ હોય છે.આ પાર્ટીઓના આયોજકો કોણ હતા તેની હકીકત સામે આવવી જોઈએ.

## અજીત પવાર સામે એક્શન :

# ITની ૧,૦૦૦ કરોડની સંપત્તિ સીઝ કરવાની નોટિસ

## આઈટી વિભાગે અજિત પવારની પાંચ સંપત્તિ જપ્ત કરવાનો આદેશ કર્યો

**મુંબઈ,**
મહારાષ્ટ્રમાં કેન્દ્રીય એજન્સીઓનો સપાટો જારી છે. રાજયના પૂર્વ ગૃહપ્રધાન અનિલ દેશમુખની ધરપકડ બાદ હવે ઈન્કમટેક્ષ વિભાગ (આઈટી) એ રાજયના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સામે એક્શન શરૂ કર્યા છે. આઈટીએ અજિત પવાર સાથે સંકળાયેલી પાંચ મોટી સંપત્તિઓ ીઝ કરવાનો આદેશ કર્યો છે. આ સંપત્તિઓ રૂા. ૧,૦૦૦ કરોડથી વધુની છે. ઈન્કમટેક્ષ વિભાગના આ એક્શનના કારણે મહારાષ્ટ્રની રાજનીતિમાં ખળભળાટ મચી ગયો છે.

ઈન્કમટેક્ષ વિભાગે અજીત પવારની જે સંપત્તિઓ જપ્ત કરવાનો આદેશ કર્યો છે તેમાં જરંદેશ્વર શુગર ફેક્ટરી (માર્કેટ વેલ્યુ અંદાજે રૂા. ૬૦૦ કરોડ), સાઉથ દિલ્હી સ્થિત ફ્લેટ (માર્કેટ વેલ્યુ અંદાજે રૂા. ૨૦ કરોડ), પાર્થ પવારની નિર્મલ ઓફિસ (માર્કેટ વેલ્યુ આશરે રૂા. ૨૫ કરોડ), નિલય નામનો ગોવા સ્થિત રિસોર્ટ (માર્કેટ વેલ્યુ આશરે રૂા. ૨૫૦ કરોડ) અને મહારાષ્ટ્રની ૨૭ અલગ અલગ જગ્યાએ જમીનો (માર્કેટ વેલ્યુ અંદાજે રૂા. ૫૦૦ કરોડ)નો સમાવેશ થાય છે.

અજિત પવાર ઘણા લાંબા સમયથી આઈટીના નિશાન પર હતા. ગયા મહિને ઈન્કમટેક્સ વિભાગે બે રિયલ એસ્ટેટ ગ્રુપ અને અજિત પવારનાં સગાં-સંબંધીઓના ત્યાં દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન રૂા. ૧૮૪ કરોડની બેનામી સંપત્તિઓ હોવાનું બહાર આવ્યું હતું. આઈટી વિભાગે ૭ ઓક્ટોબરે ૭૦થી વધુ સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ દરમિયાન આઈટીએ અજિત પવારના પુત્ર પાર્થ પવારની માલિકીની કંપની અનંત મકર્સ પ્રાઈવેટ લિમિટેડ પર પણ દરોડા પાડ્યા હતા. આ ઉપરાંત પવારની બહેનોની માલિકીની કંપનીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

અજિત પવારની બહેનોનાં સ્થળો પર જ્યારે કાર્યવાહી કરવામાં આવી હતી ત્યારે પવારે જણાવ્યું હતું કે મારા વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવે તેનો કોઈ વાંધો નથી, પરંતુ મારી બહેનોને આ મામલામાં શા માટે સંડોવવામાં આવે છે ? તેમણે જણાવ્યું હતું કે અમે દર વર્ષે ટેક્ષ પેમેન્ટ કરીએ છીએ અને હું નાણાં પ્રધાન હોવાથી મને રેવન્યૂ ડિસિપ્લિનની જાણકારી હોય છે. આથી મારી સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓએ નિમયિત ટેક્સ ચૂકવ્યો છે.

# ૨૦૭૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન શૂન્ય પર લઈ જઈશું : પીએમ મોદી

**નવી દિલ્હી,**
વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત એકમાત્ર એવો દેશ છે જે પેરિસ સમજૂતી હેઠળ કલાઈમેટ ચેન્જને રોકવા માટે તેની ભાવના હેઠળ 'અક્ષરસઃ'કામ કરી રહ્યો છે. બ્રિટનના ગ્લાસગોમાં યુએન કોપ-૨૬ના રાષ્ટ્રધ્યક્ષ અને શાસનાધ્યક્ષ સંમેલનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત જળ વાયુ પરિવર્તનને રોકવા માટે સખત મહેનત કરી રહ્યું છે.

ગ્લોબલ વોર્મિંગ વિશ્વ માટે ખતરો છે. તેમણે કહ્યું કે વિકાસશીલ દેશો ગ્લોબલ વોર્મિંગથી વધુ પ્રભાવિત છે. આ સાથે પીએમે દેશમાં ચાલી રહેલી કેટલીક યોજનાઓનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે નલ સે જલ, સ્વચ્છ ભારત મિશન અને ઉજ્જવલા જેવા પ્રોજેકટોએ ભારતમાં આપણા જરૂરિયાતમંદ નાગરિકોને માત્ર લાભ પૂરા પાડ્યા નથી, પરંતુ તેમનાં જીવનસ્તરમાં પણ ફેરફાર થયો છે.

વડા પ્રધાને કહ્યું, ભારત ૨૦૭૦ સુધીમાં શૂન્ય ઉત્સર્જનના લક્ષ્યને હાંસલ કરવા માટે પ્રતિબધ્ધ છે, ૨૦૩૦ સુધીમાં અશ્મિભૂત ઈંધણના ઉપયોગમાં નોંધપાત્ર ઘટાડો કરશે અને નવીનીકરણ ઉર્જાનો ઉપયોગ વધારશે. તેમણે કહ્યું કે ભારત ૨૦૩૦ સુધીમાં અંદાજીત ઉત્સર્જનમાંથી એક અબજ ટન કાર્બન ઉત્સર્જન ઓછું કરશે, ભારત કાર્બનની તીવ્રતામાં ૪૫ ટકાનો ઘટાડો કરશે. વિશ્વની વસ્તીમાં ભારત ૧૭ ટકા હિસ્સો ધરાવે છે, પરંતુ કાર્બન ઉત્સર્જનમાં ફાળો માત્ર પાંચ ટકા છે.

**દિવાળીનો તહેવાર કોરોનાથી કાળજી રાખી ઉજવો**

ગુજરાત પ્રદેશ જનતાદળ (સેકયુલર)ના પ્રદેશ-અધ્યક્ષ ગણપતભાઈ શાહ ગુજરાતની જનતાને દિવાળીની શુભ કામનાઓ પાઠવે છે કે આગામી નવું વર્ષ ગુજરાતની જનતાને શુભદાયી, ફળદાયી અને "આરોગ્ય સ્પદ"નિવડે અને ગુજરાત કોરોનાની મહામારીમાંથી મુક્ત થાય. તેવી શુભેચ્છા.

# ઓકટોબર મહિનામાં ૫૪.૬ લાખ ભારતીયોએ નોકરી ગુમાવી: સીએમઆઈઈ

## ગામડાંઓમાં રોજગારમાં ભારે ઘટાડો જે દેશના અર્થતંત્ર માટે શુભ નથીઃ રિપોર્ટ

**નવીદિલ્હી,**
માત્ર ઓકટોબર મહિનામાં સંગઠીત અને બિનસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતા ઓછામાં ઓછા ૫૪.૬ લાખ ભારતીયોએ નોકરી ગુમાવી દીધી હોવાનો અહેવાલ ભારતના અર્થતંત્ર પર નજર રાખનાર સંસ્થા સીએમઆઈઈએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે. વધુમાં અહેવાલ જણાવે ેછ કે નોકરી ગુમાવનારા લોકોની સંખ્યા હજી વધુ હોત, પરંતુ ઈન્ફર્મેશન ટેકનોલોજી, છૂટક વ્યાપાર અને શૈક્ષણીક ક્ષેત્રોમાં રોજગારની તકના કારણે આ આંકડો ઓછો રહયો છે. જોકે તેમાં પણ શહેરોમાં નોકરી, રોજગાર વધ્યા છે તો ગામડાંઓમાં ભારે ઘટાડો થયો છે જે દેશના અર્થતંત્ર માટે શુભ નથી.

ભારતીય અર્થતંત્ર પર નિયંત્રણ રાખનાર સીએમઆઈઈના માસિક આંકડાઓ મુજબ ઓકટોબરમાં ૪૦.૦૮ કરોડ નાગરીકોને રોજગાર મળ્યો છે. જોકે તે સપ્ટેમ્બરના ૪૦.૬૨ કરોડના આંકડા કરતાં ૬૨.૪ લાખ ઓછો છે.

સપ્ટેમ્બર કરતાં ઓકટોબરમાં રોજગાર અને નોકરી બંનેમાં ઓટ આવી છે. દેશની કામદાર ભાગીદારીનો દર લેબર ફોર્સ પાર્ટીસીપેશન રેટ સપ્ટેમ્બરમાં ૪૦.૬૬ ટકા હતો તે ઓકટોબરમાં ઘટીને ૪૦.૪૧ ટકા થઈ ગયો છે. ઓગષ્ટમાં આ દર ૪૦.૫૨ ટકા હતો. આશાની વાત એ છે કે નોકરીયાત શહેરી લોકો માટે સપ્ટેમ્બર કરતાં ઓકટોબરમાં ૭.૧૨ લાખ તક વધી છે. તેની સામે ગ્રામ્ય નાગરીકો માટે સંગઠીત બિનસંગઠીત રોજગારની તક ૬૦ લાખ ઓછી થઈ ગઈ છે.

ક્ષેત્ર પ્રમાણે નજર કરીએ તો ઉધોગોમાં બાંધકામ ક્ષેત્રમાં પડતી આવતાં ૭૦ લાખ રોજગાર ઓછા થઈ ગયા છે. સ્વિગી ઝોમેટો, રિલાયન્સ ગ્રીન જેવાં સેકડો સાહસોમાં ડીલીવરીથી માંડી વિવિધ કામ આપતા સર્વિસ ક્ષેત્રમાં વૃદ્ધિ થવાથી બેરોજગારીને થોડીક બ્રેક વાગી છે. શહેરી રોજગારમાં ઈન્ફેમેશન ટેકનોલોજી, છૂટક વ્યાપાર, ટેક્ષટાઈલ વગેરેમાં રોજગાર-નોકરીની તક વધી રહી છે. તેની સામે ગામોમાં ખેતી, મજૂરી વગેરેમાં ભારે ઘટાડો નોંધાયો છે. નિષ્ણાતો માને છે કે ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર વધે તો જ દેશના અર્થતંત્રમાં ખરો સુધારો જોવા મળશે.

# સંરક્ષણ મંત્રાલયે રૂા.૭,૯૬૫ કરોડના શસ્ત્રો અને લશ્કરી સાધનોની ખરીદીને મંજૂરી આપી

## ૧૨ હેલિકોપ્ટર્સ ગનફાયર કંટ્રોલ સિસ્ટમ સહિતના શસ્ત્રોની ખરીદી થશે

**નવીદિલ્હી,**
કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે રૂા.૭,૯૬૫ કરોડના શસ્ત્રો અને મીલીટરી ઈકિવપમેન્ટની ખરીદીને મંજૂરી આપી છે. આ દરખાસ્તના ભાગરૂપે હિન્દુસ્તાન એરોનોટીકસ પાસેથી ૧૨ લાઈટ યુટીલીટી હેલીકોપ્ટર્સ અને ભારત ઈલેકટ્રોનિકસ પાસેથી લીનકયુ યુ-૨ નવલ ગનફાયર કંટ્રોલ સીસ્ટમની ખરીદીનો પણ સમાવેશ થાય છે. ચીન સાથે સરહદ વિવાદ વચ્ચે ભારત સરકારે તેની શસ્ત્રો દળોને વધુ મજબુત બનાવવાની તેમની ક્ષમતામાં વધારો કરી રહયું છે. શસ્ત્રો ખરીદવાની આ દરખાસ્ત આત્મનિર્ભર ભારત હેઠળની છે અને ભારતમાં ઉત્પાદીત હોય તેવા શસ્ત્રોની ખરીદી કરવામાં આવશે.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે શસ્ત્રોની ખરીદી અંગેની સંરક્ષણ ખરીદી કાઉન્સીલ ડીએસી ની બેઠકમાં આ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી. ૧૨ હેલીકોપ્ટર્સ ઉપરાંત ભારત ઈલેકટ્રોનિકસ પાસેથી લીનકસ- યુ-૨ નવલ ગનફાયર કંટ્રોલ સીસ્ટમની પણ ખરીદવામાં આવશે. આ સીસ્ટમથી નૌકાદળના યુદ્ધજહાજની ટ્રેક અને યુદ્ધની ક્ષમતામાં વધારો થશે.

ડીએસીએ હિન્દુસ્તાન એરોનોટીકસ દ્વારા ડોર્નિયર વિમાનના મિડલાઈફ અપગ્રેડેશનને પણ મંજૂરી આપી છે. તેનાથી દરીયાઈ સર્વેલન્સ અને દેખરેખમાં નૌકાદળની ક્ષમતામાં વધારો થશે. નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે આત્મનિર્ભર ભારતને વધુ વેગ આપવા માટે નૌકાદળની ગનની વૈશ્વીક બજારમાંથી ખરીદીની જરૂરીયાતને દૂર કરવામાં આવી છે. ભારત હેવી ઈલેકટ્રોનિકસ દ્વારા ઉત્પાદીત આ ગનને અપગ્રેડ કરીને સુપર રેપીડ ગન માઉન્ટ એસઆરજીએમ બનાવવામાં આવી છે. આ ગન્સ ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજોમાં તૈનાત કરવામાં આવશે. એસઆરજીએમ ગન ઝડપથી ગતિ કરતાં ટાર્ગેટ પર પણ પ્રહાર કરી શકે છે.

સંરક્ષણ મંત્રાલયના નિવેદનમાં જણાવ્યા અનુસાર સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના વડપણ હેઠળ સંરક્ષણ ખરીદી કાઉન્સીલ ડીએસી એ ૨ નવેમ્બર ૨૦૨૧ના રોજ યોજાયેલી બેઠકમાં રૂ.૭,૯૬૫ કરોડની મૂડીખર્ચ સાથે શસસ્ત્ર દળોના આધુનિકરણ અને લશ્કરી કાર્યવાહીની જરૂરીયાત અંગેની દરખાસ્તને મંજૂરી આપી છે.


**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

**-જાહેરખબર મેનેજર**



**ALFA ICA (INDIA) LIMITED**

CIN : L20100GJ1991PLC016763
**Regd. Office :** Uma Industrial Estate, Vill: Vasna Iawa, Tal: Sanand, Dist: Ahmedabad.
**Tel:** 079-26754030-31 **Fax:** +91-79 26754040
**E-mail:** info@alfaica.com **Website:** www.alfaica.com

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/HALF YEAR ENDED ON SEPTEMBER 30, 2021** (Rs.in lakhs)

| Sr. No | Particulars | Quarter Ended 30/09/2021 (Unaudited) | Half year Ended 30/09/2021 (Unaudited) | Quarter Ended 30/09/2020 (Unaudited) |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 2115.42 | 3654.2 | 1280.84 |
| 2 | Net Profit/(Loss) for the period (before exceptional Items,extraordinary items & tax) | 64.32 | 101.17 | 44.88 |
| 3 | Net Profit/ (Loss) for the period before tax (after exceptional Items and extraordinary items) | 64.32 | 101.17 | 44.88 |
| 4 | Net Profit/ (Loss) for the period after tax (after exceptional Items and extraordinary items) | 48.1 | 74.5 | 33.39 |
| 5 | Equity Share Capital (Face value of Rs.10/- each) | 404 | 404 | 404 |
| 6 | Reserve excluding revaluation reserves as per balance sheet of previous accounting year | | - | |
| 7 | Earning Per Share (EPS)(before extraordinary items)(of Rs.10/- each)(not annualized) | 1.19 | 1.84 | 0.83 |
| 8 | Earning Per Share (EPS) (after extraordinary items)(of Rs.10/- each)(not annualized) | 1.19 | 1.84 | 0.83 |

**Notes:**
1 The above Financial Results have been reviewed and recommended for adoption by Audit Committee and were taken on record by the Board of Directors at their meeting held on November 03,2021.
2 Figures for the previous periods have been re-grouped/ re-classified where necessary.
3 The full format of Quarterly /Half yearly Results of the Company are available on the website of BSE Ltd (www.bseindia.com) and on Company's website (www.alfaica.com)

For ALFA ICA (INDIA) LIMITED
Sd/- **RISHI TIKMANI**
WHOLE-TIME DIRECTOR
(DIN: 00638644)

**Date :** 03-11-2021
**Place :** Ahmedabad



**AREX INDUSTRIES LIMITED**

**CIN : L99999GJ1989PLC012213**
**Regd. Office:** 612, GIDC Estate, Chattral, Tal.:Kalol, Dist.: Gandhinagar – 382 729, Gujarat, India
**Phone:** 02764- 233437 **Email** : mail@arex.in

NOTICE

Pursuant to Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (Listing Regulation), notice is hereby given that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on Thursday, November 11, 2021, inter alia to consider, approve and take on record the Unaudited Financial Results of the Company for the quarter & half year ended on 30thSeptember, 2021, and other matters as described in the notice.

**For** AREX INDUSTRIES LIMITED
Dinesh Bilgi
*Managing Director*
(DIN: 00096099)

**Place** : Chhatral
**Date** : 03.11.2021



**ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લીમીટેડ**

Chola Enter a better life

**કોર્પોરેટ ઓફિસ :** પહેલો માળ, ડેર હાઉસ, નં.૨ એન.એસ.સી. બોઝ રોડ, ચેન્નઈ-૬૦૦ ૦૦૧
બ્રાંચ ઓફીસ : ૯૦૧, સાકાર - II, એલિસબ્રિજ અમદાવાદ- ૩૮૦૦૦૯ (પ્લોટ નં.૫૨૨/૩, ટીપીએસ નં.૩, એલિસબ્રિજ અમદાવાદ)-૩૮૦૦૦૯

**નાણાંકીય સંપત્તિની સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને સિક્યુરિટીઝ ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ માંગણા નોટિસ**

તમને, નીચે આપેલા દેવાદારો / ગીરો મુકનારને આ નોટીસથી જણાવવામા આવે છે કે કંપનીએ નાણાંકીય સંપત્તિઓની સલામતી અને પુનર્નિર્માણ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ કાર્યવાહી શરૂ કરી છે અને એક્ટની ૧૩ (૨) હેઠળની નોટિસ તમને રજીસ્ટર પોસ્ટ દ્વારા મોકલવામાં આવી હતી,પણ તે અન ડીલીવરી પરત આવેલી છે. આથી, આ સૂચનાની તારીખથી ૬૦ દિવસની અંદર ઉપાર્જિત વ્યાજ સાથે ઉક્ત ખાતા સામે નોંધાયેલ બાકી લોનની રકમ ચૂકવવાનું તમને કહેવામાં આવે છે, જો આમ કરવામાં નિષ્ફળ જશો તો કંપની પેટા કલમ હેઠળના અધિકારનો ઉપયોગ કરીને તમારી સામે કાર્યવાહી કરશે -હિત અને ખર્ચ સાથે તેના બાકી લેણાંની વસુલાત માટે નીચે જણાવેલ સુરક્ષા લાગુ કરીને એક્ટની કલમ ૧૩ ના વિભાગ (૪). અંતર્ગત આ નોટિસ તમને કંપનીને ઉપલબ્ધ અન્ય કોઈ ઉપાય અને પૂર્વગ્રહ વિના સંબોધિત કરવામાં આવે છે.

| દેવાદારો અને સહ-દેવાદારનો નામ અને સરનામા | લોન રકમ | ડિમાન્ડ નોટીસની તારીખ અને બાકી નીકળતી રકમ | સિક્યોર્ડ એસેટ મિલકતનું વર્ણન |
|---|---|---|---|
| Loan Account No. X0HLAME00002431584 ૧. ભગવાનદાસ દેવેન્દ્રકુમાર દુબે, ૨. આરતી ભગવાનદાસ દુબે બન્ને રહે. ઘર નં.બી-૩૦૩, સિદ્ધાર્થ પ્રવેશ ગામડી રોડ, વટવા, દસ્ક્રોઈ-૩૮૨૪૪૦ | રૂા. ૧૯,૧૭,૭૧૭/- | ૧૬.૧૦.૨૦૨૧ અને રૂ.૨૧,૭૨,૪૭૨.૯૯/- ૧૩.૧૦.૨૦૨૧ના રોજ સુધી તેના પર લાગતા વધુ વ્યાજ સાથે | ફ્લેટ નં.બી-૭૦૨, આશરે ૯૯.૭૮ સ્કે.મી. અને રૂપ એવન્યુ નામે ઓળખાતી સ્કીમમાં સર્વે નં.૧૨૬૫/૨ની જમીન પર ટી.પી. સ્કીમ નં.૨૮ ફાઈનલ પ્લોટ નં. ૨૫૨/૧ મોજે વટવા ગામની સીમમાં તાલુકો વટવા, જિલ્લો-અમદાવાદ અને રજીસ્ટ્રેશન સબ જીલ્લા અમદાવાદ-૧૧ (અસલાલી) સીમાઓ : પૂર્વ, ફ્લેટ નં.બી-૭૦૧, પશ્ચિમ- ૨૫ ફીટ રોગ, ઉત્તર- ફ્લેટ નં.બી-૭૦૩, દક્ષિણ- સોસાયટી રોડ. |
| Loan Account No. X0HLMES00002358176 ૧. વિપુલકુમાર હસમુખલાલ ઠક્કર ૨. બીનાબેન વિપુલકુમાર ઠક્કર બન્ને રહે. અમરાપુર ચાલી જલારામ પાર્ક સોસાયટી નજીક, હરજી-૩૮૪૨૬૫ | રૂા. ૧૪,૦૦,૦૦૦/- | ૧૮.૧૦.૨૦૨૧ અને રૂ.૨૧,૩૪,૨૭૮/- ૧૬.૧૦.૨૦૨૧ના રોજ સુધી તેના પર લાગતા વધુ વ્યાજ સાથે | ફ્લેટ નં.બી-૪૫, રહેણાંક બિલ્ડીંગ અને શીટ નં.૪૫, ચલતા નં.૨૯૯, સીટી સર્વે નં.૪૦૧૭, આશરે ૩૮.૮૫.૦૦ સ્કે.મી. લક્ષ્મણ ચાલી સ્થિત, હરજી, રજીસ્ટ્રેશન સબ જીલ્લો-હરજી, જીલ્લો-પાટણ, ગુજરાત |

**તારીખ : ૦૪.૧૧.૨૦૨૧**
**સ્થળ : અમદાવાદ**

**અધિકૃત અધિકારી**
**ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લીમીટેડ**

# ગુજરાતના કેદીઓને ૧૫ દિવસની પેરોલ મુક્તિ અપાશે

**ગંભીર ગુના સિવાયના કેદીઓ ઘર પરિવાર સાથે દિવાળી તહેવારો ઉજવી શકે તેવો ઉદાત્ત હિત ભાવ દર્શાવતા મુખ્યમંત્રી**

**ગાંધીનગર,**
દિવાળી પર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના કેદીઓ માટે સ્તુત્ય નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની જેલોમાં રહેલા અને ગંભીર ગુના સિવાયના કેદીઓ પોતાના ઘર, પરિવાર સાથે દિપાવલીના તહેવારો ઉજવી શકે તેવી સંવેદનાથી એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં જેલ સુધારણા અને કેદીઓની કલ્યાણ પ્રવૃત્તિઓના ભાગરૂપે આ વર્ષે દિવાળીના તહેવારો નિમિત્તે કેદીઓ તેમના પરિવારજનો સાથે ખુશાલીથી તહેવારો ઉજવી શકે તે માટે રાજ્યની તમામ જેલોમાં સજા ભોગવી રહેલા પાત્રતા ધરાવતા તમામ મહિલા કેદીઓ તેમજ ૬૦ વર્ષ કે તેથી વધુ વયના પુરૂષ કેદીઓને ધનતેરસથી પંદર દિવસ માટે નિયમાનુસાર શરતો, જામીન લઈ પેરોલ મંજૂર કરવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીના આ ઉદાત્ત અભિગમના પરિણામે રાજ્યની જુદી જુદી જેલોમાં રહેલા ૬૧ મહિલા કેદીઓ તેમજ ૬૦ વર્ષથી વધુની વયના અંદાજે ૧૨૦ પુરૂષ કેદીઓ સહિત કુલ ૧૮૧ લોકોને પરિવાર સાથે દિવાળી ઉજવવાનો લાભ મળશે. આ નિર્ણયનો લાભ કેટલાક ચોક્કસ પ્રકારના ગંભીર ગુના હેઠળના કેદીઓને મળવાપાત્ર થશે નહિ. આવા ગુનાઓમાં એન.ડી.પી.એસ. એકટ હેઠળના ગુનાવાળા કેદીઓ, ટાડા તથા પોટા હેઠળના ગુનાવાળા કેદીઓ, હાઈકોર્ટમાં અપીલ કરી હોય તેવા કેદીઓ, એન.આર.આઈ. કેદીઓ, વિદેશી કેદીઓ, આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ કેદીઓ, સમાજ વિરોધી ગુનાના કેદીઓ સહિતના ગંભીર ગુનાઓનો સમાવેશ થાય છે.



કાળી ચૌદશના દિવસે હનુમાનજીના મંદિરમાં દર્શન માટે ભક્તો ઉમટી પડ્યા હતા.( તસવીર :જયેશ મોદી )

# વી.એસ. હોસ્પિટલનું રૂા.૧૦૦ કરોડના ખર્ચથી નવીનીકરણ કરવામાં આવશે

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણા બાદ ૧૯૩૧ની સાલમાં કાર્યરત થયેલ શેઠ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલનો મુખ્ય હેતુ ગરીબ દર્દીઓને રાહતદરે શ્રેષ્ઠ સારવાર આપવાનો હતો. પરંતુ ૨૦૧૩ની સાલ માં તત્કાલીન શાસક પાર્ટીએ એક ઠરાવ કરીને વી.એસ.ને નામશેષ કરી હતી. તેમજ ૧૧૦૦ બેડની હોસ્પિટલ ને માત્ર ૧૨૦ બેડથી ચલાવવામાં નિર્ણય કર્યો હતો. વી.એસ.ટ્રસ્ટીઓની લાંબી લડત બાદ બેડની સંખ્યા ૧૨૦ થી વધારી ૫૦૦ સુધી લઈ જવા માટે સત્તાધારી પાર્ટીએ ૨૦૧૮માં જાહેરાત કરી હતી પરંતુ આ જાહેરાત માત્ર કાગળ પર જ રહી હતી તથા શાસકોની નિષ્ક્રિયતાના કારણે વીએસ જેવી માતબર હોસ્પિટલ માત્ર નાની કલીનીક બનીને રહી ગઈ હતી. પરંતુ કોરોના કાળમાં દર્દીઓને સારવાર જે હાલાકી થઈ હતી તેને ધ્યાનમાં લઈ ફરીથી વીએસ હોસ્પિટલને ધમધમતી કરવા માટે નિર્ણય કરવામાં આવ્યો હતો. અંદાજે રૂા.૧૦૦ કરોડના ખર્ચથી હોસ્પિટલનું નવીનીકરણ કરવામાં આવશે. વી.એસ. હોસ્પિટલના નવીનીકરણ માટે હાલ તેની ડીઝાઈન માટે મ્યુનિ. દ્વારા ટેન્ડરીંગની કામગીરી પુર્ણ કરવામાં આવી છે.

સ્ટેન્ડીંગ કમિટિની બેઠક પુરી થયા બાદ મેયર કિરીટી પરમાર, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન હિતેશ બારોટે જણાવ્યું હતુંકે, જે રીતે પુર્વના સરસપુર વિસ્તારમાં શારદાબેન હોસ્પિટલના નવીનીકરણનો પ્રોજેક્ટ મ્યુનિ. દ્વારા હાથ ધરાયો છે તેરીતે જ વી.એસ. હોસ્પિટલ માટે પણ મ્યુનિ. દ્વારા નવીનીકરણની તૈયારી કરવામાં આવી છે. વી.એસ. હોસ્પિટલના માત્ર હેરીટેજ લુક સિવાયની તમામ માળખુ નવેસરથી બનાવવા માટે ડીઝાઈન તૈયાર કરવા માટે ટેન્ડર દ્વારા કામ સોંપવામાં આવ્યું છે. શારદાબેન હોસ્પિટલને નવેસરથી બનાવવા માટે ડીઝાઈન બનાવવા માટે જે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું, તે ટેન્ડરમાં આવેલા સેકન્ડ લોએસ્ટ ટેન્ડરરને મ્યુનિ.એ વી.એસ. હોસ્પિટલની ડીઝાઈન તૈયાર કરવાનું કામ પ્રથમ લોએસ્ટનાભાવે કરવા માટેનું કામ સોંપવામાં આવ્યું છે.

વીએસ હોસ્પિટલમાં 40 ICU બેડ, ૩૫૦ જનરલ બેડ, ૮ ઓપરેશન થિયેટર, સ્પેશિયલ રૂમ, ઓપીડી કન્સલ્ટન્ટેશન રૂમ હશે. જ્યારે શારદાબેન હોસ્પિટલમાં ૭૫૦ જનરલ બેડ, ઓપરેશન થિયેટર, સ્પેશિયલ રૂમ, અદ્યતન ઓપીડી કોમ્પલેક્ષ, ૯૮ જેટલા ઈમરજન્સી મેડિકલ અને સર્જિકલ આઈસીયુ, પીડિયાટ્રિક અને બર્ન્સ આઈસીયુ હશે. અદ્યતન હોસ્પિટલ બન્યા બાદ શહેરીજનોને વધુ સારી સારવાર મળી રહેશે તેવો દાવો મેયર કિરીટ પરમારે કર્યો છે.

# દિવાળી બાદ રાજ્યના ઘણા ભાગોમાં પડી શકે છે માવઠું

**અમદાવાદ,**
દિવાળીના તહેવારો બાદ રાજ્યના કેટલાક ભાગોના વાતાવરણમાં પલટા અને કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અરબી સમુદ્રમાં કેરળ, તામિળનાડું નજીક હવાનું એક હળવું દબાણ સર્જાઈ રહ્યું છે. આ લો પ્રેશર બે દિવસ પછી સક્રિય બનતા રાજ્યના કેટલા ભાગોમાં કમોસમી વરસાદ પડી શકે છે. માવઠાની આગાહીના પગલે ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર આગામી બે દિવસમાં હવાનું હળવું દબાણ સક્રિય રીતે આકાર પામી પશ્ચિમ, ઉત્તર-પશ્ચિમ દિશામાં ગતિ કરી શકે છે. આ ઉપરાંત બંગાળ ઉપસાગરમાં પણ આવી એક સિસ્ટમથી અસરથી પૂર્વીય પ્રદેશોમાં પણ વરસાદી માહોલ સર્જાશે. તો આ તરફ કેરળ, તામિલનાડુ, ગોવા, મહારાષ્ટ્ર સુધી અરબુ સમુદ્રમાં સર્જાનાર હવાના હળવા દબાણથી વરસાદી માહોલ એટલે કે ક્યાંક કમોસમી વરસાદ થશે. ગુજરાતમાં ભાઈબીજ પછી દિવસે ગરમીમાં થોડો વધારો થવાની સાથે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના ભાગોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે માવઠાની શક્યતા છે. નૈઋત્યનું ચોમાસું વિદાય લેવાની સાથે જ હિમાલયના પ્રદેશોમાં થયેલી હિમવર્ષાના કારણે છેક પશ્ચિમ ભારત સુધી ઠંડીનું મોજું ફરી વળ્યું છે. જો કે, કમોસમી વરસાદની આગાહીને પગલે રાજ્યમાં સાર્વત્રિક ઠંડીનું પ્રમાણ થોડુક ઘટ્યું છે. અમદાવાદમાં મંગળવારે વહેલી સવારે ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જયારે દિવસનું તાપમાન ૩૫.૫ ડિગ્રી સુદી પહોંચી ગયું હતું.

# રિક્ષા ચાલકોની ૧૫ -૧૬મી નવેમ્બરની હડતાળ યથાવત

**પાંચ કિલોમીટર માટે ૭૦ રૂપિયાનો દર નક્કી કરાયો છે તો વેટિંગ માટે એક મિનિટનો એક રૂપિયો નક્કી કરાયો**

**અમદાવાદ,**
સીએનજી ગેસના ભાવ રોજે રોજ વધી રહ્યા છે. જેનો વિરોધ રિક્ષા ચાલકો કરી રહ્યા છે. જોકે, રિક્ષા ચાલકોનો વિરોધને લઈ સરકાર એકશનમાં આવી અને રિક્ષા એસોસિએશન સાથે ગઈકાલે બેઠક કરી હતી.

બેઠક બાદ નિર્ણય કરવામાં આવ્યો છે કે, મિનિમમ ૧૮ રૂપિયા ભાડું કરાયુ છે. ૧ કિમિમા ૧૩ રૂપિયા ભાડું કર્યું છે, ૫ કિલોમીટર માટે ૭૦ રૂપિયાનો દર નક્કી કરાયો છે. તો વેટિંગ માટે ૧ મિનિટનો ૧ રૂપિયો નક્કી કરાયો છે. નવા વર્ષથી નવું ભાડું અમલી બનશે. પરંતું આ નિર્ણયનો સીએનજી ગેસ વધારા વિરોધી સમિતિ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે અને હડતાળનો કોલ યથાવત રાખ્યો છે. સીએનજી ગેસ વધારા વિરોધી સમિતિના કન્વીનર વિજય મકવાણાએ જણાવ્યું છે કે, ગાંધીનગર ખાતે મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં સી.એન.જી ગેસ વધારા સમિતીના કોઈપણ આગેવાન આ મિટિંગમાં હાજર ન હતા અને જે કોઈ નિર્ણય લેવામાં આવ્યો છે તે મંજૂર નથી. કારણ કે, અમારા મુદા હતા કે, સીએનજી ગેસના ભાવમાં ઘટાડવામાં આવે, ૪ વર્ષથી જે મોંઘવારી પ્રમાણે રિક્ષાચાલકોનું ભાડું વધારવામાં આવે, રિક્ષાચાલકો ઉપર પોલીસનું ખોટુ દમન બંધ કરવામાં આવે, રિક્ષા ચાલકોને આર્થિક સહાયતા આપવામાં આવે, રીક્ષા ચાલકો માટે સીએનજી ગેસમાં સબસીડી આપવામાં આવે.જેમાંથી એક પણ મુદ્દા પર રિક્ષાચાલકોને ન્યાય મળેલ નથી. જે રિક્ષા ભાડુ નકકી કરેલ તેમાં પણ મિનિમમ ભાડુ ૨૦ની માંગણી છે તેમજ પર કી. મી ૧૫ની માંગણી છે તો એકપણ મુદ્દામાં રિક્ષાચાલકોને ન્યાય મળ્યો નથી. સીએનજી ગેસ વધારા વિરોધી સમિતિએ જણાવ્યું છે કે, લડત ચાલુ રહેશે. જયાં સુધી રિક્ષાચાલકોને યોગ્ય ન્યાય નહીં મળે ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે અને ૧૫ અને ૧૬ નવેમ્બરની રાજયવ્યાપી હડતાળ યથાવત રહેવાની જાહેરાત કરી છે. આ સાથે આક્ષેપ કર્યો છે કે, સરકાર સાથે બેઠકમાં સરકારના મળતીયા લોકો હતા.

# બિઝનેસમેનની સાથે હની ટ્રેપની ઘટના બનતા ફરિયાદ

**અમદાવાદ,**
લવ, સેક્સ ઔખ ધોખા આ ત્રણેય વસ્તુ સાથે આવે છે ત્યારે માણસ બરબાદ થઈ જાય છે. અમદાવાદના એક વેપારીને પણ તેનો કડવો અનુભવ થયો. સોશિયલ મીડિયા પર વેપારીને એક યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાયો, અને વેપારીને આ પ્રેમ સંબંધમાં ૫ લાખ પડ્યો હતો. આ ઘટના સોશિયલ મીડિયા પર પ્રેમજાળમાં ફસાતા દરેક લોકો માટે લાલબત્તી સમાન છે. અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતા બિઝનેસમેને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી કે, તેમની સાથે હની ટ્રેપની ઘટના બની હતી. તેઓ પોતાના ભાઈ સાથે મળીને ડેરીની ફ્રેન્ચાઈઝી ચલાવે છે. બે મહિના પહેલા બિઝનેસમેનના ઈન્સ્ટાગ્રામ પર એક યુવતીએ મેસેજ મોકલ્યો હતો. બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. આ બાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. પછી નિયમિત વોટ્સએપ અને વીડિયો કેલ થવા લાગ્યા હતા. બંનેએ એકાંત માણવાનું નક્કી કર્યુ હતું. તેથી યુવતીએ બિઝનેસમેનને ગાંધીનગર વાવોલ ખાતે બોલાવ્યો હતો. બંનેએ ગાંધીનગરના સ્વર્ણિમ પેરેડાઈઝના ધાબા પર બોલાવ્યો હતો. બિઝનેસમેન યુવતીને મળવા માટે ફ્લેટમાં ગયો હતો.

આ મુલાકાત અડધા કલાક સુધી થઈ હતી. તેના બાદ બંને વચ્ચે સંપર્ક સતત વધવા લાગ્યો હતો. આ ઘટનાના ૧૦ દિવસ બાદ બિઝનેસમેન અને યુવતી ફરી એ જ ફ્લેટમાં મળ્યા હતા. લગભગ બે કલાક સુધી તેઓ રૂમમાં રહ્યા હતા. આ સમયે બહારથી કોઈએ ડોરબેલ વગાડી હતી, જેથી યુવતીએ બિઝનેસમેનને ક્યાંક છુપાઈ જવા કહ્યુ હતું. ઘરમા આવી ચઢેલા કેટલાક શખ્સોએ બિઝનેસમેનને યુવતી સાથે સંબંધોને લઈને ધમકાવ્યો હતો. એટલુ જ નહિ, તેમની ધમકી આપીને પોલીસ કેસ કરવાની માંગ કરી હતી. યુવકોએ બિઝનેસમેન પાસેથી ૫ લાખ રૂપિયાની માંગ કરી હતી. પરંતુ ડરી ગયેલા બિઝનેસમેને ૨ લાખ રૂપિયા આપીને વાત પતાવવાનુ કહ્યુ હતું.

# પેસેન્જરદીઠ ૩૫૦૦ ઉઘરાવી ડ્રાઈવર અને કન્ડક્ટર છૂમંતર

**ભરૂચ,**
સુરતથી શ્રમજીવીઓને ભરીને રાજસ્થાન જતી ખાનગી લકઝરીના બસના ડ્રાઈવ અને કંડકટર ભરૂચ નજીક બસ મૂકીને ફરાર થઈ જતાં ૧૪૦ મુસાફરો કફોડી હાલતમાં મુકાઈ ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ તાલુકાના નબીપુર ગામ નજીક નેશનલ હાઈવે-૪૮ પર રાતે વાગ્યે સુરતની રાજસ્થાન જતી ખાનગી લકઝરી બસ મૂકીને ફરાર થઈ ગયા હતા. જેથી વતન જઈ રહેલા બાળકો અને મહિલાઓ સહિત ૧૪૦ મુસાફરો અટવાઈ ગયા હતા. મુસાફરોના જણાવ્યા અનુસાર સુરતથી પેસેન્જરો ભરીને સાંજે ૭ વાગ્યે નીકળેલી રઘુનાથ લકઢરી બસ નબીપુર નજીક આવેલી હોટલ ઉપર ઉભી રાખી હતી. જ્યાં ડ્રાઈવરો નશો કરીને સૂઈ ગયો હતો. બાદમાં ૧૪૦ જેટલા મુસાફરોને સહિત બસ મૂકીને કંડક્ટર અને તેના સાથી ફરાર તઈ ગયા હતા. ઘટનાના ૨૪ કલાક બાદ પોલીસે મુસાફરોને નાણાં પરત અપાવી બીજી બસની સગવડી કરી હતી. મીડિયા રિપોર્ટ મુજબ સાયણથી વતન જતાં એક મુસાફરે જણાવ્યું કે, તેણે ટિકિટના ૩૬૦૦૦ કંટકટરને આપ્યા હતા. જો કે, કંટક્ટરે તેમને એવું કહ્યું હતું કે, ટિકિટ પછીથી મળશે. બીજા એક મુસાફરના જણાવ્યા અનુસાર તે કિમથી બસમાં બેઠો હતો અને તેણે ૧૫૦૦ રૂપિયા આપ્યા હતા. જ્યારે ગોરખપુર જઈ રહેલા એક મુસાફરે જણાવ્યું કે તેણે ૨૫૦૦ રૂપિયા આપ્યા હતા. દરમિયાન ભરૂચ નજીક બસ છોડીને ભાગી જતાં મહિલાઓ અને બાળકો સહિતના મુસાફરો રઝળી પડ્યા હતા. આમ, તોતિંગ બસ ભાડું લઈ રઝળતા મુકી દેવાયેલા ૧૪૦ મુસાફરોની હાલત કફોડી બની હતી.

# સુરત શહેરમાં પોપ પોપ ફટાકડાથી બાળકનું મોત

**અમદાવાદ,**
બાળકોને ફટાકડા બહુ જ પ્રિય હોય છે. તેમાં પણ ખાસ કરીને પોપ અપ ફટાકડાનું જાણે બાળકોમાં વળગણ લાગી ગયુ છે. નાના બાળકો પણ પોપ અપ ફેંકીને ફોડવાની મજા લેતા હોય છે. પણ બાળકોના હાથમાં પોપ અપ આપતા પહેલા સાવધાન થઈ જવાય તેવો કિસ્સો બન્યો છે. સુરતમાં ત્રણ વર્ષના બાળકનું પોપ અપ ગળી જતા મોત નિપજ્યુ છે. ઝાડા ઉલટીમાં બાળકના પેટમાથી પોપ અપ નીકળતા જોઈને તબીબો પણ ચોંકી ગયા હતા. મૂળ બિહારા રાજ શર્મા ૮ મહિના પહેલા પરિવાર સાથે સુરત રહેવા આવ્યા હતા. તેઓ સુથારી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં ૩ વર્ષનો દીકરો શૌર્ય અને ૨ વર્ષની દીકરી છે. ત્યારે તેમનો પુત્ર શૌર્ય અચાનક માંદો પડ્યો હતો. તેથી તેને નજીકના ડોક્ટર પાસે સારવાર માટે લઈ જવાયો હતો. અચાનક તેને ઝાડા ઉલટી શરૂ થઈ ગયા હતા. જેમાં શૌર્યની ઉલટીમાંથી પોપ અપ ફટાકડા નીકળ્યા હતા. શૌર્યની ઉલટીમાંથી પોપ અપ નીકળતા તબીબો પણ ચોંકી ઉઠ્યા હતા. તેને તાત્કાલિક બોટલ ચઢાવવામા આવ્યા હતા. જેના બાદ ફરીથી તેની ઉલટીમાંથી પોપ અપ નીકળ્યા હતા. શૌર્યની સ્થિતિ ગંભીર બનતા તેને સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેના બાદ તેનુ મોત નિપજ્યુ હતું. આમ, પોપ અપ ગળી જવાથી એક માસુમનું મોત નિપજ્યુ હતું. ઉલ્લેખનીય છે કે, આ ઘટના બહુ જ ગંભીર છે. બાળકોને નાના ફટાકડા પકડાવીને નિશ્ચિંત થઈ જતા માતાપિતા માટે આ કિસ્સો ચોંકાવનારો છે. બાળકો નાસમજ હોય છે, તેઓ શું પેટમાં નાંખે છે અને શું નથી નાંખતા તેની પણ તેમને ખબર હોતી નથી. આવામાં જો તેમના પર ધ્યાન આપવામાં ન આવે તો આવા કિસ્સા વધી શકે છે.

# બીએસએફનાં જવાને એક લાખ રૂપિયા માટે ગુપ્ત માહિતીઓ દુશ્મનને આપી હતી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
ગાંધીધામ ખાતે આવેલાં બીએસએફનાં હેડક્વાર્ટરમાંથી જાસુસીનાં આરોપસર બીએસએફનાં કોન્સ્ટેબલને એટીએસએ ઝડપી લીધો હતો. આ કોન્સ્ટેબલે ફક્ત એક લાખ રૂપિયાની લાલચમાં આવીને ભારતીય આર્મીની વિગતો દુશ્મન દેશને આપી હોવાનું સામે આવ્યું છે. આશરે દસેક દિવસ અગાઉ ત્રણ વર્ષની વોચ રાખ્યા બાદ ગુજરાત એટીએસએ બીએસએફની બટાલિયન ૭૪માં કંપનીમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં સજ્જાદ મોહમંદ ઈમ્તિયાઝની જાસુસીનાં આરોપસર ધરપકડ કરી હતી. સજ્જાદે બીએસએફમાં જોડાયા બાદથી પાકિસ્તાન સ્થિત અંકલખાન નામનાં શખ્સને બીએસએફની મુવમેન્ટ સહિતની અતિગુપ્ત તથા સંવેદનશીલ માહિતી પોતાનાં મોબાઈલ દ્વારા આપી હતી. ગુપ્ત રીતે તપાસમાં તેનાં ભાઈનાં તથા બીએસએફમાં જ નોકરી કરતાં તેનાં મિત્રનાં ખાતામાં રૂપિયા આવતાં હોવાનું ખુલ્યું હતું જેથી સજ્જાદની ધરપકડ કર્યા બાદ તપાસ કરતાં તેની સાળીનાં ખાતામાં પણ રૂપિયા આવતાં હોવાનું ખુલ્યું છે. અને ત્રણેય ખાતાઓમાં હાલ સુધીમાં ટુકડે ટુકડે કુલ એક લાખ રૂપિયા આવ્યા હતા. બીજી તરફ પાકિસ્તાન ગયો એ વખતે સજ્જાદની ઉંમર નાની હોવાથી તેણે પાકિસ્તાન જવા ખોટી રીતે વધુ ઉંમરની એફીડેવીટ કરાવી હોવાનું કબુલ્યું હતું. એટીએસએ તેનો પાસપોર્ટ પણ જપ્ત કર્યો છે. આ અંગે આ ઘટનાની તપાસ કરતાં અધિકારી પીઆઈ ભરવાડે જણાવ્યું હતું કે તેની સામે તમામ પુરાવા એકત્ર કરી લેવાયા છે. અને હાલમાં એફએસએલનાં રીપોર્ટની રાહ જોવાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એટીએસ સજ્જાદનાં ૯ તારીખ સુધીનાં રીમાન્ડ મળ્યાં છે.




# પુત્રે પથ્થરના ઘા મારી પિતાને પતાવી દીધા

**રાજકોટ,**
ગોંડલના મોવિયા ગામના ભાવેશભાઈ વઘાસિયાની વાડીમાં રહેતા અને મજૂરી કામ કરતા સુરસીંગ રાઠવા (ઉં.વ.૫૦) પર સોમવારે રાત્રે વાડીના રસ્તામાં પથ્થરના ઘા ઝીંકી ખૂની હુમલો કરવામાં આવ્યો હતો.

આથી ગંભીર રીતે ઘવાયેલા સુરસિંગને ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પલટાયો હતો. આથી પોલીસે ગુનો નોંધી પરિવારજનોની આકરી પૂછપરછ કરતા હત્યા બીજા કોઈએ નહીં પણ તેના સગીર વયના પુત્ર અને તેના મામાએ સાથે મળી કરી હોવાનું ખુલ્યું છે. પિતા દારૂ પીવાની ટેવ ધરાવતા હોવાથી માનસિક રીતે થાકતા પુત્રએ હત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપી મામાની ધરપકડ કરી છે.




